સમરી કેસ નં.૮૫૫/૨૦૨૧

આંક: ૧ નીચે હુકમ :

(૧) સદર સમરી આજરોજ નેશનલ લોક અદાલતમા હાથ ઉપર લેવામા આવેલ છે.

(૨) સદર કામે જી.યુ.વી.એન.એલ.,ગોધરા તરફથી આરોપી વિરૂધ્ધ ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ની કલમ ૧૩૫(૧)(બી) મુજબના ગુના સબબ જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે.ગોધરા ફસ્ટ ગુના રજી. નં. ૫૬૮૪/૧૭ થી ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે.

(૩) રેકર્ડ ધ્યાને લેતાં આરોપીએ પુરવણી બીલની રકમ તથા કમ્પાઉન્ડીંગ ચાર્જની રકમ ભરપાઈ કરી દેતાં મ.ગુ.વિ.કં.લી.ફતેપુરા પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેરશ્રી(સ. અને નિ.) તરફથી પી.આઈ.શ્રી જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે.ગોધરાને પત્ર પાઠવી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ની કલમ –૧૫૨ ની જોગવાઈઓનુ પાલન થયેલ હોઈ પોતે ફરીયાદ માંડી વાળતા હોઈ અને આગળ ચલાવવા માંગતા ન હોઈ ગુનાની કાર્યવાહી બંધ કરવા રજુઆત કરેલ છે. જે પત્ર આધારે પી.એસ.આઈ. શ્રી જી.યુ.વી.એન.એલ. પો.સ્ટે.,ગોધરા તરફથી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ની કલમ ૧૫૨ મુજબ ગુનો માંડવાળ કરવા અને કેસના કાગળો દફતરે કરવા હાલની સમરી ભરેલ છે.

(૪) સરકારી વકીલશ્રી દાહોદ તરફથી આંક–૨ ની પુરશીશ રજુ કરી તેમાં જણાવેલ કારણોસર સદર લોક અદાલતમા સમરી મંજુર કરવા જણાવેલ છે.

(૫) વીજ ચોરીની રકમ કમ્પાઉન્ડ ચાર્જ સાથે ભરપાઈ થઈ ગયેલ હોય ત્યારે ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ની કલમ ૧૫૨ મુજબ આવા કેસો કમ્પાઉન્ડ થઈ શકે છે. જેથી આરોપી વિરૂધ્ધની કાર્યવાહી આગળ ચલાવવી જરૂરી નથી અને સદર કાયદાની કલમ ૧૫૨(૩) હેઠળ જયારે ફરીયાદપક્ષે સમરી મંજુર કરવા સામે વાંધો ન હોય તો હાલના કેસમા કોન્ગીઝન્સ લેવાની જરૂરીયાત ન હોઈ માંડવાળ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૦મી માહે જુલાઈ સને ૨૦૨૧ ના રોજ નેશનલ લોક અદાલતમા જાહેર કર્યો.

તા. ૧૦–૦૭–૨૦૨૧
સ્થળ :દાહોદ

**(રસીદા મહંમદી વોરા)**
સેશન્સ જજ
દાહોદ
જજ કોડ જી.જે. 000343